Extra No. 137

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII] **MONDAY, MAY 18, 2026 / VAISAKHA 28, 1948**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

-: ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (ખ) મુજબનું :-

વંચાણમાં લીધું ::-

- કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય), પાટણના જા.નં.પીબી/જનરલ/૨૨૩૨/૨૦૨૬ તા.૦૭/૦૫/૨૦૨૬.

જાહેરનામા ક્રમાંક.એમએજી(૧)/વશી/૭૭૨૯ થી ૭૭૯૦/૨૦૨૬.-વંચાણે લીધેલ પત્રથી હારીજ પેટા વિભાગ હસ્તકના હારીજ - બિલીયા બેચરાજી રસ્તા પર કિ.મી.૨/૨૦૦ થી ૧૪/૦૦૦ ની વચ્ચે હાલમાં રસ્તાને ૭.૦૦ મીટર માંથી ૧૦.૦૦ મીટર પહોળો કરવાની કામગીરીનો વર્ક ઓર્ડર કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય), પાટણની કચેરી દ્વારા આપવામાં આવેલ છે. સદર રસ્તા પર હાલમાં માટીકામ, મેટલીંગ અને સી.સી. રોડની કામગીરી તથા નવિન પાઈપ નાળા બનાવવાની કામગીરી પ્રગતિમાં છે. સદર રસ્તા ઉપર ભારે અને અતિભારે વાહનોની ખૂબ અવર જવર રહેતી હોવાથી કામગીરી યોગ્ય રીતે થઈ શકતી નથી તથા મેટલીંગ કામ કર્યા બાદ લેવલીંગ તથા રોલીંગની કામગીરી કર્યા પછી ભારે વાહનોની અવર - જવરના કારણે ટેન્ડર ક્લોઝ મુજબ યોગ્ય લેવલમાં માપદંડ જળવાતું નથી અને નાળા કામમાં પાઈપ ઉતારવા માટે મશીનરીને અને મજૂરોને ભારે અને અતિભારે વાહનોની અવર - જવરના કારણે કામ કરવામાં પણ અવરોધ થાય છે તેમજ મોટા અકસ્માતનો ભય રહે છે. જેથી કામની પ્રગતિ પણ જળવાતી નથી. સદર કામગીરી નિયત સમયમર્યાદામાં અને યોગ્ય ગુણવત્તા મુજબ કરી શકાય તે માટે સદર રસ્તા પર ભારે અને અતિભારે વાહનોનું ટ્રાફિક બંધ કરવું જરૂરી છે. જેથી સદર રસ્તા પર ભારે અને અતિભારે વાહનોને તા.૧૧/૦૫/૨૦૨૬ થી તા. ૧૦/૦૯/૨૦૨૬ સુધી પ્રતિબંધ કરવા તથા નીચે મુજબના વૈકલ્પિક રૂટ પર ડાયવર્ટ કરવા અર્થે જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત કરેલ છે.

વાહન વ્યવહાર માટે ડાયવર્ઝન રૂટ				
ક્રમ	રૂટ	રસ્તાનો પ્રકાર	લેન	અંતર
૧	બેચરાજી-શંખેશ્વર-સમી-હારીજ	એસ.એચ	Double Lane	૭૦.૦૦ કિ.મી.
૨	બેચરાજી-મોઢેરા-ચાણસ્મા-હારીજ	એસ.એચ	Double Lane & Four Lane	૫૪.૦૦ કિ.મી.

સબબ, હારીજ પેટા વિભાગ હસ્તકના હારીજ - બિલીયા બેચરાજી રસ્તા પર કિ.મી.૨/૨૦૦ થી ૧૪/૦૦૦ ની વચ્ચે હાલમાં રસ્તાને ૭.૦૦ મીટર માંથી ૧૦.૦૦ મીટર પહોળો કરવા માટે સદર રસ્તા પર હાલમાં માટીકામ, મેટલીંગ અને સી.સી. રોડની કામગીરી તથા નવિન પાઈપ

નાળા બનાવવાની કામગીરી પ્રગતિમાં હોઈ, વાહન વ્યવહારને વૈકલ્પિક રસ્તા પર ડાયવર્ટ કરવાની માંગણી પ્રવર્તમાન સંજોગોમાં ઉચિત અને આવશ્યક જણાય છે.

વાસ્તે હું સી.એલ.પટેલ (IAS), જિલ્લા મેજીસ્ટ્રેટ, પાટણ ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ - ૩૩(૧)(ખ) થી મને મળેલ સત્તાની રૂએ હારીજ - બિલીયા બેચરાજી રસ્તા પર કિ.મી.૨/૨૦૦ થી ૧૪/૦૦૦ ની વચ્ચે હાલમાં રસ્તાને ૭.૦૦ મીટર માંથી ૧૦.૦૦ મીટર પહોળો કરવા માટે સદર રસ્તા પર હાલમાં માટીકામ, મેટલીંગ અને સી.સી. રોડની કામગીરી તથા નવિન પાઈપ નાળા બનાવવાની કામગીરી પ્રગતિમાં હોઈ, ભારેવાહનોને સદર રસ્તા ઉપરથી પસાર થવા પર પ્રતિબંધ ફરમાવું છું તથા નીચેના વૈકલ્પિક જાહેર રસ્તાનો ઉપયોગ કરવા આદેશ ફરમાવું છું.

વાહન વ્યવહાર માટે ડાયવર્ઝન રૂટ				
ક્રમ	રૂટ	રસ્તાનો પ્રકાર	લેન	અંતર
૧	બેચરાજી-શંખેશ્વર-સમી-હારીજ	એસ.એચ	Double Lane	૭૦.૦૦ કિ.મી.
૨	બેચરાજી-મોઢેરા-ચાણસ્મા-હારીજ	એસ.એચ	Double Lane & Four Lane	૫૪.૦૦ કિ.મી.

અમલવારીનો સમયગાળો

આ જાહેરનામું. જાહેરનામામાં સહી કર્યા તારીખથી સાઈઠ (૬૦) દિવસ સુધી અમલમાં રહેશે.

:: શિક્ષા ::

આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમ/વ્યક્તિ/ સંસ્થા ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૧૩૧ અને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ ૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે. તેમજ સદરહું જાહેરનામાનો ભંગ કરનાર નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ(રાજ્ય), પાટણ કે ઈસમ વિરૂધ્ધ પોલીસ ફરીયાદ દાખલ કરવાની કાર્યવાહી નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી માર્ગ અને મકાન વિભાગ (રાજય), પાટણ કે તેથી ઉપરનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓએ કરવાની રહેશે.

ઉકત વિગત મુજબ રોડ ઉપરનો ટ્રાફિક બંધ કરવામાં આવે અને વૈકલ્પિક માર્ગે વાળવામાં આવે તે માટે જરૂરી વ્યવસ્થા પોલીસ ખાતા દ્વારા કરવાની રહેશે. તેમજ રોડ/બ્રિજ બંધ છે તેવા બોર્ડ જે તે સ્થળોએ કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ(રાજ્ય), પાટણએ મુકવાના રહેશે.

આજ રોજ તારીખ : ૧૪/૦૫/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની માટે બહાર પાડવામાં આવે છે.

સી.એલ.પટેલ IAS
જિલ્લા મેજીસ્ટ્રેટ
પાટણ

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.06.25 17:12:45 IST